**પ્રસાર ભારતી**

**સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ**

**Date : 28-06-2024** **Evening : 7.50 to 8.00pm**
**Day : Friday** **National News**

**આકાશવાણી સમાચાર અમિતા વાંઝા વાંચે છે.**

*************************************************

- ✓ ભારતીય ન્યાય સંહિતા – ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ અધિનિયમ આગામી પહેલી જુલાઇથી લાગુ થશે.
- ✓ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ સંસદના બંને ગૃહોને કરેલા સંબોધન બદલ આભાર અંગેનો પ્રસ્તાવ ઉપર વિપક્ષના સૂત્રોચ્ચાર વચ્ચે આજે રાજયસભામાં ચર્ચાનો આરંભ થયો છે.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે.
- ✓ NTA દ્વારા પરીક્ષા પદ્ધતિમાં સુધારા સૂચવવા માટે રચાયેલી ઉચ્ચસ્તરીય સમિતિએ વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી આ મુદ્દે સૂચનો માંગ્યા છે.
- ✓ વડી અદાલતે જમીન કૌભાંડ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં જામીન મંજૂર કરતા ઝારખંડના ભૂતપુર્વ મુખ્યમંત્રી હેમંત સોરેન આજે રાંચીની જેલમાંથી મુક્ત થયા.
- ✓ ચેન્નાઇમાં આજથી શરૂ થયેલી પહેલી મહીલા ક્રિકેટ ટેસ્ટમેચમાં ભારતે શેફાલી વર્મા અને સ્મૃતિ મંધાનાની શાનદાર સદીઓની મદદથી દક્ષિણ આફ્રિકા સામે મજબૂત પ્રારંભ કર્યો છે.

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# NEW-CRIMINAL-LAWS-*1*

ભારતીય ન્યાય સંહિતા – ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ આગામી પહેલી જુલાઇથી લાગુ થશે. ગયા વર્ષે સંસદના શિયાળુ સત્રમાં આ વિધેયકોને બહાલી અપાઇ હતી. નવા ફોજદારી કાયદાઓનું ધ્યેય કાર્યક્ષમ ન્યાય વ્યવસ્થા અને સુગમતા સાથે દેશના નાગરિકોને વધુ અધિકાર સંપન્ન બનાવવાનું છે. જેની મુખ્ય જોગવાઇઓમાં ઘટનાઓનો ઓનલાઇન રીપોર્ટ કરવો, કોઇપણ પોલીસમથકમાં એફઆઇઆર રજૂ કરવી, પીડીતોને એફઆઇઆરની કોપી વિનામૂલ્યે મળી શકે વગેરેનો સમાવેશ થાય છે.

નવા કાયદાઓમાં મહિલા અને બાળકોને લગતા ગુનાઓની તપાસને અગ્રતા અપાશે. એવી જ રીતે વિજાણું માધ્યમથી સમન્સ પાઠવવાની જોગવાઇથી કાયદાકીય પ્રક્રિયા ઝડપી બનશે.

ઉલ્લેખનીય છે કે, નવા ફોજદારી કાયદાઓના આગામી પહેલી જુલાઇથી અસરકારક અમલીકરણ માટે કેન્દ્ર સરકારે રાજય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે સમયાંતરે બેઠકો યોજી છે. જેમાં ટેકનોલોજીનો ઉપયોગ, ક્ષમતા વધારવી અને લોકજાગૃતિ કેળવવી જેવા મુદ્દાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું.

એવી જ રીતે આકાશવાણી અને દુરદર્શનના સોશિયલ મિડિયા મંચો પરથી સમાચાર બુલેટીન અને કાર્યક્રમો દ્વારા આ કાયદાઓને લગતી ચર્ચા, સંપુર્ણ વિશ્લેષણ પણ રજૂ કરાયું હતું. આ નવા કાયદાઓમાં કેસોની તપાસમાં ટેકનોલોજી ઉપર ભાર મૂકવામાં આવ્યો હોવાથી નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોએ ગુના અને ગુનેગારોને શોધવાના વર્તમાન માળખામાં 23 સુધારાઓ કર્યા છે. અને બ્યુરો કાયદાઓના મુદ્દે રાજય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશોને ટેકનિકલ સહાય પણ પુરી પાડશે.

આ ઉપરાંત બધા જ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ઉચ્ચશૈક્ષણિક સંસ્થાઓ યુજીસીની મદદથી આગામી પહેલી જુલાઇએ નવા ફોજદારી કાયદાઓ અંગે એક દિવસની જૂથ ચર્ચા, ક્વીઝ અને કાર્યશાળા જેવા કાર્યક્રમો યોજશે.

# RS-MOTION-OF-THANKS

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ સંસદના બંને ગૃહોને કરેલા સંબોધન બદલ આભાર અંગેનો પ્રસ્તાવ ઉપર વિપક્ષના સૂત્રોચ્ચાર વચ્ચે આજે રાજયસભામાં ચર્ચાનો આરંભ થયો છે. આ માટે 21 કલાકની ફાળવણી કરવામાં આવી છે.

રાજયસભામાં આભાર પ્રસ્તાવ અંગેની ચર્ચાનો આરંભ કરાવતા ભાજપના સુધાંશુ ત્રિવેદીએ છેલ્લા 10 વર્ષમાં એનડીએ સરકારની સિદ્ધિઓની વિગતો આપી હતી. તેમણે કહ્યું કે, બ્રિટનને પાછળ રાખીને ભારતનું અર્થતંત્ર સમગ્ર વિશ્વમાં પાંચમા ક્રમાંકનું અર્થતંત્ર બન્યું છે.

વાયએસઆર કોંગ્રેસના જી.બી.રાવે કાશ્મીરમાં 370મી કલન રદ કરવા માટે કેન્દ્રની એનડીએ સરકારની પ્રશંસા કરી હતી.

અન્ય રાજકીય પક્ષોના સાંસદોએ પણ ચર્ચામાં ભાગ લીધો હતો.

# PARL--RIJUJU-OPPN

કેન્દ્રિય સંસદિય બાબતોના મંત્રી કિરણ રીજીજુએ સંસદમાં વિપક્ષના સભ્યોના વલણની ટીકા કરીને આક્ષેપ કર્યો કે, વિપક્ષોએ ગૃહની કાર્યવાહીમાં વિક્ષેપ પાડીને તેમણે સંસદને લગતા કાયદાઓનું અપમાન કર્યું છે. સંસદની બહાર પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી રીજીજુએ ભારપૂર્વક કહ્યું કે, સરકાર દરેક મુદ્દે ગૃહમાં ચર્ચા કરવા તૈયાર છે. પણ આ માટે વિપક્ષોએ ગૃહના નિયમોનું પાલન કરવું જોઇએ.

ઉલ્લેખનીય છે કે, વિપક્ષના સભ્યોએ નીટની પરીક્ષાના મુદ્દે સંસદના બંને ગૃહોની કાર્યવાહીમાં અવરોધ કર્યો હતો.

દરમ્યાન, લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું છે કે, સરકાર અને વિપક્ષના સભ્યો વિદ્યાર્થીઓના હિતમાં ચર્ચા કરી રહ્યા છે, તેવો સ્પષ્ટ સંદેશ સંબંધિતોને મળવો જોઇએ. જયારે કોંગ્રેસના અગ્રણી કે.સી.વેણુગોપાલે કહ્યું છે કે, નીટનો મુદ્દો હજારો વિદ્યાર્થીઓ અને તેમના પરિવારને સ્પર્શતો હોવાથી ખૂબ જ અગત્યનો છે અને આ મુદ્દે ચર્ચા કરવા સંપૂર્ણ દિવસની ફાળવણી કરવી જોઇએ.

# PM – MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ તેનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત રવિવારે રાત્રે આઠ વાગે રાજ્યના બધા જ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એઆઈઆર મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો..

# EDU-NTA-COMMITTEE

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા – NTA દ્વારા પરીક્ષા પદ્ધતિમાં સુધારા સૂચવવા માટે રચાયેલી ઉચ્ચસ્તરીય સમિતિએ વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી આ મુદ્દે સૂચનો માંગ્યા છે. ઇસરોના ભૂતપૂર્વ અધ્યક્ષ કે.રાધાકૃષ્ણનના વડપણ હેઠળ રચાયેલી આ ઉચ્ચસ્તરીય સમિતિને mygov website. ઉપર આગામી સાતમી જુલાઇ સુધીમાં સૂચનો મોકલી શકાશે.

ઉલ્લેખનીય છે કે, શિક્ષણ મંત્રાલયે પરીક્ષા પદ્ધતિમાં સુધારા સૂચવતા ભલામણ અંગેનો અહેવાલ આગામી બે મહિનામાં સુપ્રત કરવાનો નિર્દેશ ઉચ્ચસ્તરીય સમિતિને આપ્યો છે.

# EDUCATION-MINISTER

કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને વિદ્યાર્થીઓને ખાત્રી આપી છે કે, નીટ પરીક્ષાના બનાવમાં કસૂરવારો સામે કડક પગલાં લેવાશે. સંસદગૃહની બહાર પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું કે, સરકાર આ મુદ્દે સંવેદનશીલ છે અને આ અંગે જરૂરી કાર્યવાહી જરૂર કરાશે. તેમણે વધુમાં જણાવ્યું કે, સરકાર કોઇપણ મુદ્દા અંગે ગૃહમાં ચર્ચા કરવા તૈયાર છે.

# HEMANT SOREN RELEASE

જમીન કૌભાંડ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં વડી અદાલતે જામીન મંજૂર કરતા ઝારખંડના ભૂતપુર્વ મુખ્યમંત્રી હેમંત સોરેન આજે રાંચીની બિરસા મુંડા જેલમાંથી મુક્ત થયા હતા. ન્યાયમૂર્તિ રોંગોન મુખોપાધ્યાયની પીઠે શ્રી સોરેનનાં નિયમિત જામીન મંજૂર કર્યા હતા. 8.36 એકર જમીનનાં ગેરકાયદેસર કબ્જા સંબંધિત કેસમાં આ વર્ષની 31 જાન્યુઆરીનાં રોજ પ્રવર્તન નિર્દેશાલયે હેમંત સોરેનની ધરપકડ કરી હતી.

# MAHILA CRICKET

ભારત અને દક્ષિણ આફ્રિકાની મહિલા ક્રિકેટ ટીમો વચ્ચે ચેન્નાઇમાં આજથી શરૂ થયેલી પહેલી ક્રિકેટ ટેસ્ટમેચમાં ભારતે શેફાલી વર્મા અને સ્મૃતિ મંધાનાની શાનદાર સદીઓની મદદથી મજબૂત પ્રારંભ કર્યો છે.

ભારતે ટોસ જીતીને પહેલાં બેટીંગ કરવાનો નિર્ણય લીધો હતો. શેફાલી વર્માએ આઠ છગ્ગા અને 23 ચોગ્ગાની મદદથી નોંધાવેલા 205 રન અને સ્મૃતિ મંધાનાના 149 રનની મદદથી ભારતે આજે પહેલા દિવસની રમત પૂરી થઇ ત્યારે 4 વિકેટે 525 રન નોંધાવ્યા હતા. આ ઉપરાંત જેમીમાહ રોડ્રીગે 55, સુકાની હરમનપ્રિત કૌરે 42, અને રીચા ઘોષે 43 રન નોંધાવ્યા છે.

દક્ષિણ આફ્રિકા વતી એન.ડી.કલાર્કેએ અને ડેલમી ટકરે બે વિકેટો ઝડપી છે.

# YADAV-BRICS-ENVIRONMENT-SUMMIT

આબોહવામાં પરિવર્તન વિભાગના કેન્દ્રિયમંત્રી ભૂપેન્દ્ર યાદવે વૈશ્વિક સ્તરે પર્યાવરણીય પડકારોને પહોંચી વળવા ટકાઉ જીવનશૈલી અપનાવવા ઉપર ભાર મૂક્યો છે. બ્રિકસ સંગઠનના પર્યાવરણમંત્રીઓની 11મી બેઠકને વર્ચ્યુઅલી સંબોધતાં તેમણે આ વર્ષના આરંભમાં કેન્યા ખાતે રાષ્ટ્રસંઘની પર્યાવરણ અંગેની છઠ્ઠી બેઠકમાં મંજૂર કરાયેલી ટકાઉ જીવનશૈલી અંગેના ઠરાવના અમલીકરણને પ્રોત્સાહન આપવા બ્રિકસના પ્રતિનિધિઓને અનુરોધ કર્યો હતો.

શ્રી યાદવે પર્યાવરણના પડકારનો સામનો કરવા ભારતે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રી સ્તરે લીધેલા નકકર પગલાંઓની વિગતો આપી હતી. શ્રી  યાદવે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ભારતે હાથ ધરેલા એક પેડ મા કે નામ સહિતની પહેલોમાં જોડાવવા અને તેને મદદરૂપ થવા બ્રિકસ દેશોને અનુરોધ કર્યો હતો. તેમણે આ મુદ્દે બ્રિકસ સંગઠનના દેશો વચ્ચે સહકાર વધારવા ઉપર ભાર મૂક્યો હતો.

# CIVIL-AVIATION---IGI-AIRPORT

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે તમામ એરલાઇન્સને દિલ્હીથી ઉપડતા અને આવતા વિમાનોનાં ભાડાંમાં અસાધારણ ઉછાળા પર દેખરેખ રાખવા અને આ અંગે જરૂરી પગલાં લેવા સલાહ આપી છે. દિલ્હીમાં ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ટર્મિનલ 1ડી ખાતે સર્જાયેલા અકસ્માતને ધ્યાનમાં રાખીને આ નિર્દેશ આપવામાં આવ્યો છે. મંત્રાલયે એમ પણ જણાવ્યું છે કે, આ ઘટનાને પગલે ફ્લાઇટ રદ થઈ હોય કે સમયમાં ફેરફાર થયો હોય તો તેનાં માટે કોઈ દંડ ન વસુલવામાં આવે.

# NIA-ESPIONAGE

રાષ્ટ્રીય તપાસ સંસ્થા-NIA એ 2021નાં વિશાખાપટ્ટનમ-આઇએસઆઇ જાસૂસી કેસનાં સંદર્ભમાં ગુજરાત અને મહારાષ્ટ્રમાં ત્રણ સ્થળોએ શોધખોળ અભિયાન હાથ ધર્યું હતું. પાકિસ્તાનની ગુપ્તર સંસ્થા આઇએસઆઇને સંરક્ષણ અંગેની વર્ગીકૃત માહિતી આપીને બદલામાં કથિત રીતે પૈસા મેળવનાર શંકાસ્પદોનાં નિવાસસ્થાનો પર તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન, મોબાઇલ ફોન અને દસ્તાવેજો સહિતનાં કેટલાંક સંડોવણીજનક દસ્તાવેજો મળી આવ્યા હતા. આ કેસમાં વધુ કડી મેળવવા માટે એનઆઇએ જપ્ત કરાયેલી સામગ્રીની ચકાસણી કરી રહી છે.

એનઆઇએએ જૂન, 2023માં આ કેસ પોતાને હસ્તક લીધો હતો અને પાકિસ્તાનના ભાગેડુ નાગરિક સહિત બે આરોપીઓ સામે આરોપનામું દાખલ કર્યું હતું.

તપાસમાં જાણવા મળ્યું કે, ભારતમાં ત્રાસવાદી હિંસા ફેલાવવાના કાવતરાનાં ભાગ રૂપે ભારતીય નૌકા દળને લગતી સંવેદનશીલ અને મહત્વની માહિતી આઇએસઆઇને મોકલવામાં આવી હતી.

# DAY-J-K-AMARNTH-YATRA

પવિત્ર અમરનાથ યાત્રાનો આવતીકાલથી વિધિવત આરંભ થશે. આ યાત્રા માટે ભાવિકોનો પહેલો જથ્થો સલામતીની સઘન વ્યવસ્થા વચ્ચે આજે સવારે જમ્મુથી અમરનાથની ગુફા તરફ જવા રવાના થયો હતો. અને આ જથ્થાએ બપોરે કાશ્મીરમાં પ્રવેશ કર્યો છે.

આ પ્રસંગે કુલગામના કલેકટર અથર અમીર ઉલ શફીખાન અને વહીવટીતંત્રના અન્ય અધિકારીઓએ ભાવિકોનું સ્વાગત કર્યું હતું. અગાઉ કાશ્મીરના ઉપરાજયપાલ મનોજસિંહાએ આજે જમ્મુના બેઇઝ કેમ્પથી અમરનાથ યાત્રાના ચાર હજાર 600થી વધુ ભાવિકોને પ્રસ્થાન કરાવ્યું હતું.